# ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સીટી

## સીસીસી પરીક્ષા (વર્ષ: ૨૦૨૪)

## ઉમેદવારો માટે અગત્યની સૂચનાઓ

૧. ઓનલાઈન રજીસ્ટ્રેશન વેબસાઈટ https://ccc.gtu.ac.in/ ઉપર તા. **૦૨/૦૧/૨૦૨૪થી** થઇ શકશે. આ દરમિયાન ઉમેદવારોએ **પોતાનું નામ** (સર્વિસબુક પ્રમાણે), **મોબાઈલ નંબર** અને **ઉચ્ચ પગારધોરણ/બઢતી/લાંબાગાળાની નિમણૂંકની બહાલીની** નિયત તારીખ લખવાની રહેશે. આ ત્રણ માહિતી પાછળથી બદલાશે નહિ. ઉપરની ત્રણ માહિતી આપવાથી ઉમેદવારોનો એક **એપ્લીકેશન નંબર** SMS અને ઈમેલમાં આવશે. ત્યારપછીના તમામ કાર્ય માટે આ એપ્લીકેશન નંબર નો ઉપયોગ કરવાનો રહેશે.

૨. તા. **૦૨/૦૧/૨૦૨૪થી** ઉમેદવારે https://ccc.gtu.ac.in/ ઉપર પોતાનો **એપ્લીકેશન નંબર** નાખીને માગેલી માહિતી ભરવાની રહેશે. રજીસ્ટ્રેશન ફોર્મ સંપૂર્ણ ભરાઈ જાય પછી સેવ કરીને તેની એક પ્રિન્ટ કોપી કાઢવાની રહેશે.

૩. એક વખત પ્રિન્ટ લીધા પછી કોઈ જ માહિતી બદલી શકાશે નહિ.

૪. આ પ્રિન્ટેડ રજીસ્ટ્રેશન ફોર્મમાં ઉમેદવારે યોગ્ય જગ્યાએ **પોતાની સહી કરવાની રહેશે.** ઉપરાંત **ખાતાના વડા/આચાર્યની સહી તથા સિક્કો** કરાવાના રહેશે.આ સહી તથા સિક્કા વગરના ફોર્મ અધૂરા ગણાશે અને સ્વીકારવામાં આવશે નહિ.

૫. પરીક્ષા ફી રૂ.૧૦૦ (માત્ર થીયરી પરીક્ષા માટે), રૂ.૧૦૦ (માત્ર પ્રેક્ટીકલ પરીક્ષા માટે), રૂ.૨૦૦ (થીયરી અને પ્રેક્ટીકલ પરીક્ષા માટે) છે જે ઉમેદવારે ઓનલાઈન ભરવાની રહેશે.

૬. પ્રિન્ટેડ રજીસ્ટ્રેશન ફોર્મમાં જો ફોટો સ્પષ્ટ દેખાતો નહિ હોય તો ઉમેદવારે પાસપોર્ટ સાઈઝ નો ફોટો લગાવી, ક્રોસ સહી કરવાની રહેશે. તથા સ્કેન કરેલ ફોટો પોતાના એપ્લીકેશન નંબરની સાથે ccc@gtu.edu.in પર મોકલવાનો રહેશે.

૭. **રજીસ્ટ્રેશન ફોર્મ તથા કચેરી તરફથી મળેલ ઓળખપત્ર માં નામ સરખું હોવું જરૂરી છે.** જો નામ માં તફાવત હશે તો અરજી સ્વીકારવામાં આવશે નહિ.

૮. **GTUમા જમા કરવાના ડોક્યુમેન્ટ્સ નીચે મુજબના હોવા જોઈએ:**
**a. ઓરીજીનલ રજીસ્ટ્રેશન ફોર્મ પ્રિન્ટઆઉટ ઉમેદવારની સહી તથા HoDની સહી અને સિક્કા સાથે.**
**b. ઉમેદવારના ફોટો આઈ-ડી પ્રૂફની એક નકલ** (લાયસન્સ, આધારકાર્ડ, પાસપોર્ટ, ઈલેક્શનકાર્ડ અથવા પાનકાર્ડ)
**c. ફી ભર્યાની રસીદ (ડીપોઝીટર કોપી)**
આ ડોક્યુમેન્ટ્સ GTU માં વ્યક્તિગત આવીને અથવા સ્પીડપોસ્ટ થી નીચેના સરનામાં પર
**(જાહેર રજાના દિવસો સિવાય) સુધીમાં પહોચાડવાની રહેશે.**

રજીસ્ટ્રાર શ્રી,
ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી
વિશ્વકર્મા સરકારી કોલેજ ની પાસે,
વિસત ત્રણ રસ્તા ની પાસે, વિસત-ગાંધીનગર હાઈવે, ચાંદખેડા
અમદાવાદ – ૩૮૨૪૨૪, ગુજરાત

(Envelope ના ઉપર ના ખૂણા પર **CCC EXAM REGISTRATION FORM** લખવાનુ રહેશે.)

૯. પોસ્ટમાં થતા વિલંબ માટે GTU જવાબદાર રહેશે નહિ.

૧૦. દરેક ઉમેદવારે પરીક્ષા દરમિયાન અસલ લાયસન્સ, આધારકાર્ડ, પાસપોર્ટ, ઈલેક્શનકાર્ડ અથવા પાનકાર્ડ (આ બધામાંથી કોઈ એક) ફરજીયાત લાવવાનું રહેશે.

૧૧. રજીસ્ટ્રેશન દરમિયાન કોઈ મુશ્કેલી જણાય તો ccc@gtu.edu.in ઉપર ઈમેલ કરવો.

***********